

## મહાનગર પાલિકા વિસ્તારમાં પોલીસની ફ્લેગ માર્ચ યોજાઈ

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણી આગામી તા. ૩ ઓકટોબરના રોજ યોજાવાની છે. ત્યારે સલામતીને અનુલક્ષી ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ મનપા વિસ્તારમાં પેથાપુર, રાંધેજા, કોલવડા, સહિત તમામ વોર્ડમાં પોલીસ તંત્ર દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ હતી. મનપાની ચુંટણીને ગણતરીના કલાકો બાકી રહ્યા છે. વિવિધ રાજકીય પક્ષની સભાઓ અને રેલીઓથી શહેરમાં રાજકીય વાતાવરણ જામ્યું છે. મતદારોને રિઝવવા માટે ઉમેદવારો કમરકસી રહ્યા છે. ત્યારે મહાનગર પાલિકા વિસ્તારમાં ચુંટણી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને મતદારો નિર્ભય બની મતદાન કરી શકે તે માટેની તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. જયારે કેટલાક મનપાના વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ પણ કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના જંગમાં પ્રચાર યુદ્ધ જામ્યુ છે. છેલ્લી ઘડીના પ્રચારમાં તમામ પાર્ટીઓ જોડાઈ હતી. કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર અંકિત બારોટે સેક્ટર-૨૪ના વિવિધ વિસ્તારોમાં ફરીને પ્રચાર કર્યો હતો.



## વોર્ડ નં.૭માં કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીની મુલાકાત

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીમાં વોર્ડ નં.૭માં કોંગ્રેસના પ્રચાર માટે પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા અને વાવોલના સોસાયટી વિસ્તાર તથા ઠાકોરવાસ જેવા વિસ્તારો ઉપરાંત કોલવડા ખાતે પણ તેમણે પ્રચાર કર્યો હતો. આ પ્રસંગે કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. સી.જે.ચાવડા, પ્રદેશ પ્રવકતા અને ગાંધીનગરના પ્રભાસી જયરાજસિંહ પરમાર, શહેર કાર્યકારી પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા, મનપાના પૂર્વ વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, જિલ્લા યુવા પ્રમુખ યુવરાજસિંહ રાણા ઉપરાંત ગાંધીનગર શહેર યુથ કોંગ્રેસના મહામંત્રી રાજદિપસિંહ બિહોલા સહિત વોર્ડ નં.૭ના ઉમેદવારો દેવેન્દ્રસિંહ ગોલ, અમરતજી ઠાકોર, ગીતાબા વાઘેલા અને ઉષાબેન પટેલ સહિત મોટી સંખ્યામાં વોર્ડના હોદેદારો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ભરતસિંહ સોલંકીએ કોંગ્રેસના કાર્યકરોને ચુંટણી લક્ષી માર્ગદર્શન આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

# ગુજરાત જાગીરદાર ક્ષત્રિય સમાજના પ્રમુખ ભરતસિંહ બીહોલા આમ આદમી પાર્ટીમા જોડાયા

ગાંધીનગર, તા. ૩૦

શિક્ષણ, સ્વાસ્થ્ય, રોજગાર, ખેતી, વીજળી, પાણી, વેપાર અને ભ્રષ્ટાચારમુક્તિના મુદ્દે વ્યવસ્થા પરિવર્તન કરવા ગુજરાતના ખુણે ખુણેથી લોકો આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે ત્યારે આજે ગાંધીનગર ખાતે ગાંધીનગરના મહત્વ પૂર્ણ વ્યકતી અને જેઓ અમીત શાહ દ્વારા ભારતીય જનતા પાર્ટીમા જોડાયા હતા અને જેઓ કોંગ્રેસમા પણ પૂર્વ જીલ્લા મહામંત્રી રહી ચુક્યા છે અને ગુજરાત જાગીરદાર ક્ષત્રિય રાજપુત સમાજના પ્રમુખ છે. ગાંધીનગર શિક્ષક શરાફી મંડળીના ચેરમેન તરીકે સેવા આપી રહયા છે અને અનેક પ્રકારની સામાજિક અને શૈક્ષણિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ ભરતસિંહ બીહોલા આજ રોજ આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ નેતા ઈસુદાન ગઢવી, પ્રદેશ નેતા મહેશ સવાણી દ્વારા વિધીવત રીતે ભરતસિંહ બીહોલાને ખેસ અને ટોપી પહેરાવી આમ આદમી પાર્ટીમાં સ્વાગત કર્યુ હતું. આ સાથે છત્રસિંહ ચાવડા, પ્રવિણસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ રાઠોડ, કિરીટભાઈ ગઢવી, સમિરસિંહ બિહોલા, ધર્મેન્દ્રસિંહ વાઘેલા પણ આમ આદમી પાર્ટીમાં વિધીવત રીતે જોડાયા હતા. આ પ્રત્રકાર પરીષદમાં પ્રદેશ સંગઠન મંત્રી હસમુખ પટેલ, જિલ્લા પ્રમુખ મુકેશ પટેલ, શહેર પ્રમુખ જીતેન્દ્ર ધરવાડિયા પણ ઉપસ્થીત રહયા હતા.




## સાદરા ગૂજરાત વિદ્યાપીઠ ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પ્રોગ્રામ યોજાયો

ચિલોડા, તા. ૩૦

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પ્રોગ્રામ યોજાયો. તેમાં ડૉ. મોતીભાઈ દેવુના સમગ્ર આયોજન થકી ડૉ. અજય પરીખ, ડૉ. પ્રશાંત ગાંધી, ડૉ. નીરજ સિલાવટ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઓફલાઈન અને ઓનલાઈન જોડાયા હતા. આભારદર્શન ડૉ. દિવ્યેશભાઈ ભટ્ટે કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુએ કર્યુ હતુ.



## વાવોલ ખાતે કોંગ્રેસની પદયાત્રા રેલી યોજાઈ

મનપાની ચૂંટણી પ્રચારના અંતિમ તબક્કામાં રાજકીય પક્ષોએ રેલી-પદયાત્રા પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. જેથી ઓછા સમયમાં વધુ મતદારો સમક્ષ જઈ શકાય. શહેરના વોર્ડ નં. ૭માં સમાવિષ્ટ વાવોલ ખાતે કોંગ્રેસના દેવેન્દ્રસિંહ ગોલ સહિત અન્ય ઉમેદવારો અને વોર્ડના હોદેદારો-કાર્યકરોએ મોટી સંખ્યામાં પદયાત્રા રેલી યોજી હતી જેમાં ગામના યુવાનો અને સ્થાનિકો જોડાયાં હતા. આ પદયાત્રાને સારો આવકાર પ્રાપ્ત થયો હતો.

## ઈસનપુર મોટા ખાતે નિ:શુલ્ક હોમિયોપેથીક નિદાન-સારવાર કેમ્પ યોજાયો

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ખાતે સવિતાબા ઓમ રાવલ હોસ્પિટલ-ચિલોડા ઉપક્રમે અને ગ્રામ પંચાયત ઈસનપુર મોટા સહયોગથી નિ:શુલ્ક હોમિયોપેથી નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં માનસિક રોગો, પાચનક્રિયાના રોગો, સ્ત્રી રોગોનું નિદાન, નાક-ગળાનાં રોગોનું નિદાન તેમજ ડાયાબિટીસ, બી.પી. વજન તેમજ અન્ય રોગોનું નિદાન અંગે જરૂરી નિદાન અને સારવાર અંગે તપાસી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડૉ. નિધિ પંડ્યા, ડૉ. ગુંજન પટેલે અને ડૉ. મયુર પટેલની ટીમે સેવા આપી હતી. આ કેમ્પમાં સંસ્થાના ડૉ. અશોકભાઈ રાવલ તેમજ નટુભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગામના લાભાર્થીઓએ કેમ્પનો વિશેષ લાભ લીધો હતો.



વોર્ડ નં. ૮ ના કોંગ્રેસના ઉમેદવાર દ્વારા રોડ શૉ નું આયોજન કરી જોરશોરથી પ્રચાર કરવામાં આવ્યો હતો. મતદારોએ તેમને ખૂબ સારો પ્રતિસાદ પૂરો પાડ્યો છે.

# નેશનલ ઈન્સ્યોરન્સ એકેડમીએ ઈન્સ્યોરન્સ વર્ટિકલને મજબૂત કરવા ગિફ્ટ સિટી સાથે જોડાણ કર્યુ

ગાંધીનગર, તા. ૩૦

વીમા શિક્ષણ, અભ્યાસ અને સંશોધન ક્ષેત્રે વૈશ્વિક સ્તરે પ્રખ્યાત સંસ્થા નેશનલ ઈન્સ્યોરન્સ એકેડમી (એનઆઈએ) એ ઈન્સ્યોરન્સ, રિઈન્સ્યોરન્સ, રિસ્ક મેનેજમેન્ટ અને ટેક્નોલોજીમાં કોર્સિસ ઓફર કરવા માટે ભારતના પ્રથમ અને એકમાત્ર ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (આઈએફએસસી) ધરાવતા ગિફ્ટ સિટી સાથે જોડાણ કર્યુ છે.

ગિફ્ટ સિટીમાં ઈન્સ્યોરન્સ સેક્ટર અપાર સંભાવનાઓ ધરાવે છે. આ સહયોગથી ગિફ્ટ સિટીમાં ઈન્સ્યોરન્સ અને રિસ્ક મેનેજમેન્ટ ક્ષેત્રે સહભાગીઓને ક્ષમતા નિર્માણની સુવિધા પ્રદાન થશે. આ જોડાણના ભાગરૂપે ઈન્સ્યોરર્સ, રિઈન્સ્યોરર્સ, ઈન્સ્યોરન્સ બ્રોકર્સ, ઈન્સ્યોરટેક અને ઈન્સ્યોરન્સ સંબંધિત બીજી જરૂરિયાતો માટે સર્ટિફિકેશન પ્રોગ્રામ અને તાલીમની તકો હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત બંન્ને સંસ્થાનો સાથે મળીને ગિફ્ટ સિટીમાં કાર્યરત વૈશ્વિક કંપનીઓના લાભાર્થે રિસર્ચ, નોલેજ સેમિનાર્સ અને વેબીનાર્સ માટે પ્લેટફોર્મ તૈયાર કરવાની દિશામાં કામ કરશે.

એનઆઈએ સાથે જોડાણ અંગે પ્રતિક્રિયા આપતાં ગિફ્ટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ તપન રે એ કહ્યું હતું કે ગિફ્ટ સિટીમાં કામ કરતી આંતરરાષ્ટ્રીય ફાઈનાન્સિયલ સર્વિસિસ કંપનીઓની સંખ્યામાં સતત વૃદ્ધિ સાથે ફાઈનાન્સિયલ સર્વિસિસ સ્પેકટ્રમના ઝડપથી ઉભરતાં કાર્યક્ષેત્રો સાથે સુસંગત રહેવા માટે કૌશલ્યમાં સુધારો અને કૌશલ્યમાં વધારો કરવું મહત્વપૂર્ણ છે. ગિફ્ટ સિટી ખાતે સમગ્ર આંતરરાષ્ટ્રીય ફાઈનાન્સિયલ સર્વિસિસ ઈકોસિસ્ટમ માટે ઈન્સ્યોરન્સ અને રિઈન્સ્યોરન્સ સેગમેન્ટ ખૂબજ મહત્વપૂર્ણ છે. ગિફ્ટ સિટીમાં ઈન્સ્યોરન્સ રિઈન્સ્યોરન્સ બિઝનેસ સંબંધિત ટ્રેનિંગ કોર્સનો વિકાસ, લોંચ અને આયોજન દ્વારા તાલીમબદ્ધ મેનપાવરની ક્ષમતા નિર્માણમાં એનઆઈએ-ગિફ્ટ સિટી માટે સહયોગ લાભદાયી બનશે.



## વોર્ડ નં. ૬ માં મહિલાઓના સન્માન સાથે ભાજપનો પ્રચાર

મહાનગરપાલિકાની ચૂંટણીમાં રસપ્રદ જંગ બની ચુકેલા વોર્ડ નં. ૬ માં ભાજપના ઉમેદવારોએ એડીચોટીનું જોર લગાવી દેતા સ્થાનિક મતદારોનો સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. ભાજપ દ્વારા વોર્ડ નં. ૬ માં આનંદના ગરબાનું આયોજન કરવા સાથે મહિલા મંડળના સન્માનનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત વોર્ડમાં અંતિમ તબક્કામાં પણ ઉમેદવારો ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યાં છે. જેમાં ભાવનાબા વિક્રમસિંહ ગોલ, ગૌરાંગભાઈ વ્યાસ, મફતભાઈ દેસાઈ અને પ્રેમલત્તાબેન મહેરિયા સહિત વોર્ડના હોદેદારો-કાર્યકરો ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યાં છે.

# કરોલી ગામની વિદ્યાલયના મહિલા શિક્ષિકાને માનસિક ત્રાસ

ગાંધીનગર, તા. ૩૦

મહિલા શિક્ષિકાને કરોલીની એન.એમ. પટેલ સરસ્વતી વિદ્યાલયના ઈન્ચાર્જ આચાર્ય તેમજ શાળા સંચાલક મંડળ દ્વારા વારંવાર ધમકી આપે છે. ખોટા આરોપો કરવામાં આવે છે તેમજ મેમો આપવામાં આવે છે. ઉપરાંત ખોટા આક્ષેપ કરીને મારૂ નામ બદનામ થાય તેવુ વર્તન કરવામાં આવતુ હોવાના આક્ષેપ સાથે મહિલા શિક્ષણ સહાય કે મહિલા આયોગ તેમજ શિક્ષણ કમિશનરને લેખિત રજૂઆત કરી છે. કરોલી ગામની એન.એમ. પટેલ સરસ્વતી વિદ્યાલયના ઈન્ચાર્જ આચાર્ય અને શાળાના મંડળ દ્વારા માનસિક ત્રાસ આપતા હોવાના આક્ષેપ સાથે શિક્ષણ સહાયક મહિલા કર્મચારીએ મહિલા આયોગમાં રજૂઆત કરી હતી. મહિલા શિક્ષિકાએ વિદ્યાર્થીઓને શિક્ષણ આપીને શિક્ષણ બોર્ડના પરિણામ પણ સારૂ આવે છે. મંડળની મીટીંગમાં મંડળના મંત્રી દ્વારા બેન તમે કામ કરતા નથી, વર્તન સારૂ નથી તેમજ તમને આપેલા મેમા બુકમાં છપાવીશુ અને મોટુ બેનર લગાવીશુ કે શાળાના ઈતિહાસમાં આ બેન જેટલા મેમા કોઈને મળેલા નથી. વધુમાં રોહિતભાઈ કહે ત્યાં આંખો બંધ કરીને સહી કરી દેવાની નહી કરો તો ગમે તેમ કરીને તમને ફસાવીશુ. તમને પાંચ વર્ષ પૂરા કરવા નહી દઈએ. વિદ્યાર્થીઓ અને વાલીઓને શિક્ષિકા વિરૂદ્ધ ઉશ્કેરીને શિક્ષિકા સારૂ ભણાવતા નથી તેવી ફરીયાદ કરાવવી સહિતના મુદ્દે માનસિક ત્રાસ આપતા હોવાનો શિક્ષણ સહાય મહિલા શિક્ષિકાએ આક્ષેપ કર્યો છે. શિક્ષિકાને સમગ્ર શિક્ષા ગુજરાત દ્વારા વર્ચ્યુઅલ શાળઆના ઓનલાઈન લાઈવ ક્લાસ માટે ઓર્ડર કરવામાં આવ્યો હતો. તેમ છતાં શિક્ષિકાને મેમો પણ આપવામાં આવ્યો હતો જેથી આ બાબતે ફરિયાદ થઈ છે.

## ગીયોડ મંદિર પાસેથી ચોરીની રીક્ષા સાથે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર ઝડપાયો

બે દિવસીય અગાઉ રાત્રી દરમિયાન અમદાવાદ ગીતા મંદિર એસ.ટી. બસ સ્ટેન્ડથી જમાલપુર તરફ જતા માર્ગ પરથી સીએનજી રીક્ષા ચોરી કરી હતી. એલસીબી પોલીસે ગીયોડ મંદિર પાસેથી કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને રૂ. ૧.૧૦ લાખની રીક્ષા સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



બહુજન સમાજ પાર્ટીના ઉમેદવારો દ્વારા રોડ શૉ નું આયોજન કરાયુ હતુ. રોડ શૉ માં મોટી સંખ્યામાં ઉમેદવારોના સમર્થકો જોડાયા હતા.

## ખૂણેખાંચરેથી

- મહાનગરપાલિકાની ચૂંટણીમાં ફરજ પર મુકાયેલ તમામ કર્મયોગીઓની તાલિમ આજે પૂર્ણ થઈ ગઈ છે.
- સચિવાલયના વિવિધ વિભાગોમાં વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓ કેટલા સમયથી ફરજ બજાવે છે તે અંગેનો વિગતવાર અહેવાલ સામાન્ય વહીવટ વિભાગે માંગતા આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં આજે ૧૨ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૮૧૩૯ અને શહેરમાં ૩૨૫૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે.
- રાજ્યના માહિતી નિયામક અશોક કાલરિયા આજે વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કલોલની સરકારી પ્રા. શાળા નં. ૯ ખાતે વિવિધ સ્પર્ધાઓ યોજી કરાઈ હતી. આજે વિજેતાઓને સી.આર.સી. કોર્ડિનેટર યોગેશ આચાર્યના હસ્તે વિજેતાઓને ઈનામો એનાયત કરાયા હતા.
- આજે રાજ્યના તમામ પૂર્વ પ્રાથમિક અને ધો. ૧ થી ૫ શિક્ષકો અને આચાર્યોને પાયાગત વાંચન, લેખન-ગણનને લઈ વિશેષ તાલિમનું આયોજન કરાયુ છે અને આ માટે ટેલિ કોન્ફરન્સથી તમામ જોડાશે જેને શિક્ષણમંત્રી તેમજ શિક્ષણ સચિવ પણ સંબોધિત કરશે.
- ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તેની પરીક્ષાઓ અંગેનું સુધારેલી તારીખો સાથેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું છે.
- ગાંધીનગર મનપાની ચૂંટણીમાં ડોર ટુ ડોર પ્રચાર અભિયાન પછી હવે પક્ષો ચૂંટણીના આયોજનોમાં વ્યસ્ત બન્યા છે.

## ટીંટોડા ગામે અવાવરૂ કુવામાં પડેલા શ્વાસનને ફાયરબ્રિગેડે બચાવ્યો

ગાંધીનગર, તા. ૩૦

ચોમાસાની ઋતુનો અંતિમ તબક્કો ચાલી રહ્યો છે જે અનેક અબોલ પ્રાણીઓ માટેનો સંવનનકાળ પણ છે. આ કાળ દરમ્યાન અત્યંત લાગણીશીલ બની રહેલા પ્રાણીઓ જેવા કે ગાય-કૂતરાં વગેરે ક્યારેક તોફાને ચઢી શકે છે અથવા આમથી તેમ ભટકવામાં મુશ્કેલીમાં ફસાઈ શકે છે. આવી જ એક ઘટનામાં ગાંધીનગરના ટીંટોડા ગામે આસરે ૭૦ ફૂટ જેટલાં ઉંડા કૂવામાં એક શ્વાન પડી જવા પામ્યો હતો. જેને ફાયરબ્રિગેડની ટીમ દ્વારા રેસ્ક્યુ કરીને બચાવી લેવાનું પ્રસંશનીય કાર્ય કર્યુ હતુ.

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે એક ખેતરના ઉંડા અવાવરૂ કુવામાં શ્વાન પડી જવા પામ્યો હતો. રાત્રીના સમયે કુવામાં પડી ગયેલા આ શ્વાનનો રડવાનો-ભસવાનો અવાજ સવારના સમયે ગ્રામજનોએ સાંભળતા તેમણે ગાંધીનગર ફાયરબ્રિગેડનો સંપર્ક સાંધ્યો હતો. ફાયરબ્રિગેડે તુરંત ઘટના સ્થળે ધસી જઈને બચાવકાર્ય હાથ ધર્યુ હતુ જે અંતર્ગત ફાયર કર્મચારી જલ્પેશ રબારીએ 'રોપ લેડર' સાથે કુવામાં ઉતરીને શ્વાનને બચાવ્યો હતો. આ કુવો જ્યાં આવેલો છે તે ખેતર ટીંટોડાના નિલેશ રવજીભાઈ ઠાકોર નામના ખેડૂતનું છે. ફાયર કર્મચારીઓના શ્વાનના બચાવકાર્યની સ્થળ પર ઉપસ્થિત ગ્રામજનોએ ભરપૂર પ્રસંશા કરી હતી.

જન્મદિનની શુભેચ્છા



શ્રીમતી મીરાબેન શિવશંકર દવે

શેષ જીવન આનંદમય જાય તેવી પ્રાર્થના સહ... શુભેચ્છાઓ...

લિ. શિવશંકર ડાહ્યારામ દવે પરિવાર